રસ જ્યોત



ર સાહિત્ય ભંડાર : લાઠી [કાઠિયાવાડ]

સ્વાશ્રયી લેખક મંડળ

સૂચીપત્ર ૧૯૪૦

મહા ગુજરાતના સમર્થ સાહિત્યકારોના
સમૂહબળે ચાલતી પ્રાણવાન સંસ્થા

ગૃહપુસ્તકાલય ગ્રંથમાળા

કુટુંબના જુદી જુદી રસવૃત્તિવાળા દરેકને આનંદ
અને સંતોષ આપે તેવું સાહિત્ય પીરસતી ગ્રંથમાળા

લાઠી કાઠિયાવાડ

ગુર્જર સાહિત્ય ભંડાર

મુદ્રક : મનુભાઇ અમૃતલાલ શેઠ :-સ્વાધીન મુદ્રણાલય : રાણપુર

[આવૃતિ પહેલી] [પ્રત ૫૦૦]

રસ જ્યોત

નિવેદન

દરેકની રસવૃત્તિને પોષણ આપે એવું એકાદ કાવ્ય પણ જો આ ન્હાનકડાં પુસ્તકમાં હશે તો મ્હારો પ્રયાસ સફળ થયો લેખાશ. આથી વિશેષ મ્હારે કશું કહેવું નથી

શાન્તિગૃહ લાઠી
તા. ૧–૫–૪૦ } ધૈર્યચન્દ્ર ર. બુધ્ધ

[સંવત ૧૯૯૬] એક આનો [સને ૧૯૪૦]

પ્રકાશક : ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ, વકીલ : લાઠી [કાઠિયાવાડ.]
મુદ્રક : મનુભાઇ અમૃતલાલ શેઠ : સ્વાધીન મુદ્રણાલય રાણપુર

શ્રી. ધૈર્યચન્દ્ર ર. બુદ્ધના કાવ્યો માટે મહાગુજરાતના સમર્થ

સાહિત્યકારો શું કહે છે?

મહાકવિશ્રી ન્હાનાલાલ દ. કવિ કહે છે કે

ભાઇશ્રી ધૈર્યચન્દ્ર બુદ્ધના ગીતો અહીં આવ્યા પૂર્વે પણ સાંભળયાં હતાં અને ગમ્યાં હતાં. અને આંહી આવીને પણ વાંચ્યાં. એમનાં ઘણાં ગીતોમાં કુમાશ છે. ભાવની તેમજ ભાષાની. એમની આશાઓને સફળતા ઇચ્છું છું. [લાઠી : તા. ૧૪–૨–૧૯૩૮]

કોકિલ કવિશ્રી લલિતજી કહે છે કે

....બુલંદ અવાજે ગાનાર સ્વયંભૂ કવિશ્રી ધૈર્યચન્દ્ર બુધ્ધે મને પોતાના નવા કાવ્યો માટે મારો અભિપ્રાય આપવા સૂચવ્યું. પણ મોરલાના તથા કોકિલના રસકંઠને માનવી વધાવે તો છે છતાં તે સબંધે બહુ તો તેમના અવાજનું નિર્મળ અનુકરણ તે કરી શકે. તેમ કવિશ્રી બુદ્ધનાં ગીતો મેં ગાઇ સંભળાવ્યાં છે. છતાં આજના નવ-યુગના કવિ કંઠને હું તપોવૃદ્ધ વયે પહોંચી ન શકું. તેથી છેવટે એટલું જ વીનવું છું કે :—તેમનાં ગીત કાવ્યો નૈસર્ગિક છે ને તેના ગાના લાપીરુપે તેઓશ્રી કલાપીની પેઠે મુક્તકંઠે ખૂબ કૂજે અને જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાતભરમાં બુદ્ધનો પ્રબુદ્ધનાદ ઝીલાવે : એજ પ્રાર્થના છે. અંગત અનુભવનાં જીવનનાં ગીતકાવ્યો એમનાં પોતાનાં છે ને તેમા સુરતાના સૂર ગર્જે છે એજ બસ છે. [લાઠી]

સંગીતના પ્રખર અભ્યાસી શ્રી હરકાન્ત શુક્લ કહે છે.

શ્રી. ભાઇ ધૈર્યચન્દ્ર બુદ્ધ પોતે રાસ લખી શકે છે એટલું જ નહિ. પરંતુ મધુર સ્વર દ્વારા વાણીમાં પણ ઉતારી શકે છે. અને સાહિત્ય અને સંગીતનો સુંદર સુમેળ સર્જી શકે છે. આ શક્તિથી જ તેઓના રાસમાં ભાવવાહકતા અને ગેયમયતા સુશ્લિષ્ટ સંયોગ સાધે છે. તેમના રાસોની ભાષાશૈલીમાં નિર્વ્યાજતા, મૌલીકતા, સરલતા અને તાલબદ્ધતા છે. ["શરદપૂર્ણિમા"ની પ્રસ્તાવનામાંથી]

તરૂણને–

ઘોર નીંદ ત્યાગી તું જાગ ઓ તરૂણ,
ઝળહળે જો દિવ્ય નવાયુગનો અરૂણ.
તજ હવે તું તુચ્છ જીવન જીવવું કરૂણ,
ઝેરી પ્રથા બાળવા થા પ્રલયનો વરૂણ.

થઈ શકે નવ સર્જન તો કર જહિ વિનાશ,
જુનવાણીનાં પછી નવીન કર વિકાસ.
ઉર આત્મબળ તણો ચેતાવી દે પ્રકાશ,
પ્રકટે નવજ્યોતિ નવજીવન નવઆશ.

ધર્મ ગુરૂઓ થકી સમાજ આ છેદાય,
મૂડીવાદ સત્તાથી જગ જનો રીબાય.
બાળ લગ્ન વૃદ્ધ લગ્ન વિધવાની હાય!
યુવાન તું લગાડી દેને એ બધામાં લાહ્ય.

હક સમાન–સહુ સમાન–ધર્મ એક પ્રાણ,
સમાજનું યુવાન એવું કર હવે કલ્યાણ.

કેદીનું સ્વપ્ન

આજ મધુરી નિદ્રામાં આવ્યું સૂનેરી સ્વપ્નું;
સોનાનો સુરજ નિહાળ્યો સ્વરાજને કોઇ લાવ્યું,
જંજીરો સર્વે તૂટી !
માતા રીબાતા છૂટી ! ૧

જમીન આપણી ગગન આપણું સમાનતા સહુ જગમાં;
સાગર ઉછળતો આનંદે રક્ત વ્હે રગરગમાં,
રોમ રોમ પ્રફૂલ્લે !
હૈયે જોમ જોમ સ્ફૂરે ! ૨

આઝાદી આઝાદી ગાતા પાંત્રીશ કોટિ નાચે;
આઝાદ પ્રકૃતિ નૃત્ય કરે ને હૈયે હૈયા રાચે,
હસતો અણુનમ હિમાલય !
ગાજે જન્મભૂમિની જય ! ૩

સાગર સરિતા ગાન ગજાવે ભારતનાં નરનારી;
હું પાગલ સમ શીર ઉઠાવી બોલ્યો મૂકિત પ્યારી,
સર્વે સ્વતંત્ર ને નિર્ભય !
બોલો ભારત માની જય ! ૪

જયનાદે ઝબકીને જાગ્યો ખુલી અચાનક આંખો;
પગમાં જંજીર હાથકડી કર તોડે કોઇ પાંખો,
પીંખી પીંખી ભારતને
પોષે પાપી સ્વાર્થને ૫

સ્વપ્ન મધુરૂં સુંદર મ્હારૂં ઉડી ગયું આકાશે;
ઇશ્વર તું એ સિદ્ધ કરી દે છું તારા વિશ્વાસે.
મૂકિત દેજે તું વ્હેલી !
સત્યાગ્રહે રહ્યો ખેલી ! ૬

પૂજારણને

ફુલમાળા તેં લીધી પૂજારણ લીધા સુગંધીત ધૂપ;
ખોટી પૂજા એ સહુ પ્રભુની પેટાવે છે શાને દીપ?
પૂજારણ! હૃદયને ઉજાળ!
વ્યાપ્યો માંહે ઘોર અંધાર! ૧

આજે મરે છે લાખ કરોડો ભુખ્યા ન ખાવા ધાન;
થાળ ભરીને તું સીધાં દેતી ખાતાં તહિં મસ્તાન!
પૂજારણ અંધ શ્રદ્ધામાં!
આજ કહું તું આંધળી થા માં! ૨

વિશ્વંભર છે પ્રભુનું બીરદ ખાવા ન પ્રભુને ખોટ;
પ્રભુના નામે લૂંટે પીશાચો ખાવા ન રંકને લોટ,
પૂજારણ! રંકને દેજે!
બિચારાઓની આશીષ લેજે! ૩

પ્રભુ નામે ચણ્યા મ્હેલ મંદિરો ઝરૂખા ઊંચે ઝુલાવ્યા:
દંભ અને માયાનાં મુરીદોએ કંઇક રંકોને રડાવ્યા
પૂજારણ કારમી ઝાળે!
ફસાવ્યા ભાવીક ફાળે! ૪

લાખ કરોડો નગ્ન ફરે આજ ત્યાં શાલદુશાલા અપાર,
આભૂષણોના તો ઢગ જો જામ્યા હીરા મોતીના હાર,
પૂજારણ! ન ભાખરી ખાવા!
તહિં જોને મીષ્ટાન ઉડાવા! ૫

દિવસ આખો દંભ ચલાવે, રસનાએ રટી રામ;
રાત પડે ત્યારે નાચે સુંદરીઓ શરાબનાં ઉડે જામ,
પૂજારણ, પાપની વાતો!
થકી ચણી આ ભવ્ય મહેલાતો! ૬

૬

સીમન્તિની

[શિખરણી]

અરીસાની સામે, અલકલટને ગૂંથતીને,
રહી બાંધી વેણી, પરિમલ પ્રસારી એ લલના.
કપોલે કીધી ત્યાં, મૃગમદ તણી બિન્દી બીજશી!
અહા ઉગી જાણે, અજબ દીપતી ભાલ ટીલડી.

ગુલાબી વાતોએ, મધુર મલકી માનુનિએ,
પૂરે છે રંગોળી, મધુપ દીલની કુલવધુએ.
ઝુલે છે હૈયામાં, મદ ઊભરતો અંગ વિલસી,
પ્રકાશે નયનોમાં, જીવનરસની જ્યોત મીઠડી.

બજે છે બંસી શી, ચરણ યુગલે ઝાંઝરી ત્યાં,
મધુરા સુરોએ, પ્રણયરસની યાદ અર્પે;
સીમન્તિની સ્નેહે, પગલી ભરતી જાય નદીએ,
પનિહારી રૂપે, અજબ મસ્તીખોર બનતી:

ભરી બેડું માથે, હૃદયરસની રેલ રસતી,
સખીઓની સંગે, વદતી મધુરૂં હાસ્ય કરતી;
મધુરા વાત્સલ્યે, સુભગ ધરતી ભાવ કુમળાં,
ધરી આશા હૈયે, રસમય બનાવા જીવનને

બુદ્ધનો હંસ

લલિત :— ગગન માર્ગમાં છેક એ ઉંચા.
ઉડત હંસલા માનસર તણાં.
હૃદય કુમળાં હંસ બાપડાં,
ધવલ પાંખને વાયુમાં વીંજે. ૧

ધનુષ્ય ખેંચતો પારધી અરે!
અ ર ર બાણુથી હંસ વીંધતો.
પ્રસરી પાંખ ત્યાં વીંચી આંખને,
હૃદય શૂન્યથી હંસલુ પડયું. ૨

હૃદય કુમળું હંસ બાપડું,
વહી રહ્યું અરે રક્ત રંગથી.
ધડકતાં ઉરે હાય હાંફતું,
નયનમાં અરે નિર આવતાં. ૩

અ ર ર પારધી આવતો હતો,
લઇ જશે અરે રે શિકાર તે.
પણ ઉભા તહીં બુદ્ધ આવીને,
હૃદય ચાંપતા હંસ એ લઇ. ૪

શાર્દૂલ :–વિંધાયો અહ હંસ ત્યાં મધુરવો હાંફી રહ્યો દુઃખમાં
શિકારી શરથી અરે હૃદય જે રે રક્ત ધારે વહ્યું
ગાત્રો એ બનતાં જતાં શિથિલને હું ફેથી પંપાળતાં
ને આશ્વાસન આપતાં હૃદયથી એ ચુમતાંતા મુખે. ૫

મન્દાક્રાન્તા :– પંપાળીને મૃદુકર વતી હસ્તમાં હંસ રાખી
રે સિદ્ધાર્થે દુઃખીત હૃદયે હંસને ઉર ચાંપ્યો
વિંધાયેલો નવજીવનને પામતાં હંસ એ તો
ઉલ્લાસે એ ગભરૂ સરખો બાપડો હંસ રૂડો. ૬

અનુષ્ટુપ :– કહી શિકાર મારો આ આવે છે ધસતો અહા!
ને ત્યાં તો શ્વાસ લેતો એ પારધી આવીને ઉભો. ૭

વસંતતિલકા :– બોલે ન કાંઇ મુંગા રહીને અહાહા !
સિદ્ધાર્થ કોમળ કરે જ રમાડતા'તા
બોલ્યો શિકારી ફરી ઉગ્ર થતાં અતિશે
મ્હારો શિકાર શર મારી કર્યો હતો મેં. ૮

સિદ્ધાર્થ તો નયનમાં પછી પ્રેમ લાવી,
બોલ્યો અરે હૃદય આ નવ હોય તારૂં !
એ મોતના મુખ થકી ઉગરી ગયો છે
ને રાજહંસ નવચેતન પામીયો છે. ૯

ઉપજાતિ :– શિકારી તો એમ કહી ઉભો ત્યાં,
આપી હવે દે જ શિકાર મ્હારો.
દુઃખી થઇને શ્રમ મેં કર્યો છે,
ને વ્યોમથી હંસ નીચે ઉતાર્યો. ૧૦

સિદ્ધાર્થ નેત્રો અહા અશ્રુ સારે
ને હંસને દાબી રહ્યાં હૃદયથી.
પ્રતિભા દીસે ગૌરવવંત મુખડે;
પંપાળતા હંસ રહ્યા રમાડી. ૧૧

દયા અને પ્રેમ તણુંય સૂત્રો,
આ વિશ્વને રે કરૂણાં બતાવા.
આ હંસ તો છે મુજ પ્રાણ ભાઈ,
શિકાર તારો કદી એ ભલે હો! ૧૨

લલિત :— નવ કદી દઉં હું તને હવે.
જગતને અરે ન્યાય પૂછીએ.
કબૂલ તે થયો પારધી તહિં,
વદન તો હસે સાથ ચાલીયો. ૧૩

અનુષ્ટુપ :– ત્યાં સામે તો મહાન કો યોગિ આવી ઉભા રહે.
વાત કહી બધી નમીને સિદ્ધાર્થ ન્યાય પૂછતાં. ૧૪

મન્દાક્રાન્તા :–ઉગારીને નવજીવનને આપતાં હોય તેની
માલિકી તો અહહ જગમાં તેની સાચી ગણાય
યોગીએ ત્યાં જગતભરની રીત એવી બતાવી.
સિદ્ધાર્થના હૃદય પર જે હંસ તે હોય તેનો. ૧૫

ઉપજાતિ :— કૃપા અને જે કરૂણાં બતાવે.
છે માનવિ તે જગ દેવ સાચો.
યોગી તણાં એ શબ્દો સુણીને
પારાધી ચાલ્યો શર ફેંકી દેતો.
યોગી જતાં એ જગન્યાય આપી
સિદ્ધાર્થ ઉભા કરૂણાં બતાવી
પંપાળતા એ કર હંસ સાથે
સાક્ષાત જાણે જગની અહિંસા.

મૂછનું પાણી

મેં તો દીકરો પરણાવ્યો હોંશે;
આનંદ અતિશે મ્હાણી,
મેં રાખ્યું છે મૂછનું પાણી—૧
વહુઓનાં શ્રીમંત મેં કીધાં;
પાસ રાખી ન કોડીય કાણી,
મેં રાખ્યું છે મૂછનું પાણી—૨
વરોઠીની મેં ન્યાતો જમાડી;
સાદ બેસી ગયો રાગડા તાણી,
મેં રાખ્યું છે મૂછનું પાણી—૩
દીકરીનાં વળાવ્યા મેં આણા;
જીંદગીની ખર્ચીને કમાણી.
મેં રાખ્યું છે મૂછનું પાણી—૪
ઘર બાળીને તિરથ કીધાં;
વાત લોકોએ જુગતે વખાણી,
મેં રાખ્યું છે મૂછનું પાણી—૫
વળી કારજમાં રૂપીયા ખુબ ખર્ચ્યા;
કરી આબરૂની હોંશથી લ્હાણી,
મેં રાખ્યું છે મૂછનું પાણી—૬
જગ આબરૂની ફુલમાળ પ્હેરી;
બહુ ફેરવી આ સંસારી ઘાણી,
મેં રાખ્યું છે મૂછનું પાણી—૭

જમાનાના ચાળા

માથાનાં મવાળા તેલ અત્તરને ફુલેલ નાંખી ઓળે
બાયડી જેવા સેંથા પાડીને રખડે પોળે પોળે
જગતમાં જુવો જમાનાના સાળા (૧)

આંખ દીવા જેવી હોય છતાં એ ચશ્મા ચડાવે મોટા
પફને પાઉડર છાંટીને મોઢે પડાવે ભભકામાં ફોટા
જગતમાં જુવો જમાનાના સાળા (૨)

ભાયડાને બાયડી હાલતા હારે હાથના આંકડા ઝાલી
ભભકા જુવો તો સા'બ—નાં જેવા ખિસ્સા જુવો તો ખાલી
જગતમાં જુવો જમાનાના સાળા (૩)

પાટલન ઉપર કોટ ચડાવે પાછળ દેખાય ભૂંડા
માથે વલાયતી ટોપી ઓઢે જાણે ઉજળા મલકનાં ગુંડા
જગતમાં જુવો જમાનાના સાળા (૪)

નાટક ચેટકનાં જુવે તમાશાને સીનેમીને ઘર ઘાલ્યા
ભુંગળા વાજા ઘર ઘર ભુંકે ફુલણજી થઇ ને ફાલ્યા
જગતમાં જુવો જમાનાના સાળા (૫)

ઘરે ખાવાનાં લુખા સુકા પણ હોટલમાં હડીયું કાઢે
દારૂને પીઠે દીવાના થાવા ખિસ્સા કંઇકિનાં વાઢે
જગતમાં જુવો જમાનાના સાળા (૬)

ભાઈએ ભાઈમાં કજીઆ કંકાહને કોરટે રૂપીઆ આપે
જાદવ જેવા ઝઘડા માંડયા એક બીજાનું કાપે
જગતમાં જુઓ જમાનાના સાળા (૭)

સતાવાદી તો લૂંટવા લાગ્યા મોજ મજાહમાં માલે
માણાહનું થાવું હોય ઈ થાહે દીવાના દારૂના પ્યાલે
જગતમાં જુવો જમાનાના સાળા (૮)

ઢાંગ ધતીંગને પરપંચ પાથરી મહંત મલીદા ઉડાવે
કાયા લૂટેને માયા લૂંટેને વળી લૂંટી લૂંટીને ફસાવે
જગતમાં જુવો જમાનાના સાળા (૯)

શેઠીયા શોખીન પૈસામાં ઘેલા દુ:ખ ગરીબનાં ન જાણે
દેશ સેવાના દંભ કરે વળી વીંટતા તાણે વાણે
જગતમાં જુવો જમાનાના સાળા (૧૦)

છાપાનાં તંત્રી કલમને કટકે છાપા મલકનાં છાપે
દેશ સેવાનાં અંચળા ઓઢી સવળું–ને અવળું કાપે
જગતમાં જુવો જમાનાના સાળા (૧૧)

શાને રોકો ?

મારે ઉડવું છે આભલાને આરે,
સાગરને કિનારે,
બાપુ તમે શાને રોકો ! ૧

મારે જાવું સરિતાની પાળે,
આંબલીયાની ડાળે,
બાપુ તમે શાને રોકો ! ૨

મારે વડલે હીંચકા ખાવા,
ને શૌર્યગીત ગાવાં,
બાપુ તમે શાને રોકો ! ૩

ખેલ ખેલવાના છે હજારો,
ને દઇ દઈ ડારો,
બાપુ તમે શાને રોકો ! ૪

નથી ગોખવાનો જાવ આંક,
મારો કાં લાવો વાંક !
બાપુ દૂર રાખો ધોકો ! ૫

મારે જોવાં હરણીયાનાં ટોળાં,
ને તમે કાઢો ડોળા,
બાપુ તમે શાને રોકો ! ૬

મારે ફેંકવાં છે તીરનાં નીશાનો,
આનંદનો ખજાનો,
બાપુ તમે શાને લૂંટો ! ૭

મારી ઝૂંપડી

[રાસ]

મને વ્હાલી લાગે મારી ઝૂંપડી હો બેન
મોટા ઝૂકે ઝરૂખા ઝૂલતાં રે;
ભલે મહેલોના ઉંચા પડથાર,—મને. ૧.

મોટા મહેલોમાં ગાજે છે રેડિયા રે;
કરે મહુલીએ બાલ કિલ્કાર,—મને. ૨.

મોટા મહેલોએ મોટર ગાજતી રે;
મારે ગાવડીના ગોરસ ઘમકાર,—મને. ૩.

ભલે મહેલે મીષ્ટાન ભાતભાતનાં રે;
મારે ભોજન અમીના ઓડકાર,—મને, ૪.

સોહે મખમલ બિછાના મહેલમાં રે;
મારે સૂવા ધરતીનો પગથાર,—મને. ૫.

બળે મહેલે હજાર દીવા વિજળી રે;
મારે આંગણે પુન્યનો પ્રકાશ,—મને. ૬.

મોટા મહેલોમાં ભૂત ભમે પાપનાં રે;
મારી ઝૂંપડીએ સત્યના ભગવાન,—મને. ૭.

મહિયારી

[રાગઃ- કારતક મહિને કૃષ્ણ કૃપાળા]

મથુરા જાતી મહિયારીએ,
મહીની મટુકી લીધી, હૈયું વીંધી રે;
મુરલી વાગે હો ! ૧

વૃન્દાવન વાટે મલપાતીએ,
ધીમે ધીમે ગુંજે, કોકિલ કુંજે રે;
મુરલી વાગે હો ! ૨

કામણ ભરેલી કિંકિઓ નાચે,
મહીડાં મધુરાં છલકે, હઇડાં ઢળકે રે;
મુરલી વાગે હો ! ૩

નાકે નકવેસર મોતી ઝૂલે,
હૈયાં હારે હલકે, ઝાંઝર ઝણુકે રે;
મુરલી વાગે હો ! ૪

નવરંગ ચૂંદડીએ મદમાતી,
મધુરૂં મુખડું મલકે, પાંપણ પલકે રે;
મુરલી વાગે હો ! ૫

ગૌ ચારંતા ગિરિધારીએ,
પાલવ લીધો પકડી, જીવન જકડી રે;
મુરલી વાગે હો ! ૬

મારગ માંહે ગોરસ લૂંટી,
અમી ભરેલી આંખે, પ્રેમની પાંખે રે;
મુરલી વાગે હો ! ૭

ભારતીની આરતી

જન્મભૂમિ હો મંગલકારી મૂક્તિ કુચ બઢે,
મૈયા મૂકિત કુચ બઢે.
જયનાદે ભારત નરનારી શક્તિ જંગ ચઢે,
જય હો લડવૈયા !
જય ભારતી મૈયા ! ૧

વિશ્વ વિજયશ્રી બનવા માટે સ્વતંત્રતા વરવા,
મૈયા સ્વતંત્રતા વરવા.
યુગ યુગની નિદ્રાને ત્યાગી અંધારા હરવા,
છોડો નિંદ શૈયા !
જય ભારતી મૈયા ! ૨

દિલ દિલમાં ચીનગારી સળગી અખંડ જ્યોત ઝળે,
મૈયા ! અખંડ જ્યોત ઝળે
આજ સહુ કુરબાની કરતાં લડતાં આત્મબળે
જય હો બજવૈયા !
જય ભારતી મૈયા ! ૩

સ્વતંત્ર જીવન મેળવવા સહુ આઝાદી માગે,
મૈયા ! આઝાદી માગે,
ગુલામીના બંધન કપરાં તેત્રીશ કોટી ત્યાગે
જય ભગિની ભૈયા !
જય ભારતી મૈયા ! ૪

અમારા કાર્યાલયમાં મળતાં પુસ્તકો

(૧) **રાસમાલિકા** : લેઃ–સ્વાશ્રયી લેખક મંડળ; જુદાં જુદાં ૩૪ લેખકો અને લેખિકાઓના ૧૧૭ રાસગીતો. ગુજરાતણોના કોકિલકંઠને સુહાવે તેવા મધુરરસ ઝરતાં રાસનો સંગ્રહ [વડોદરા રાજ્યના શાળા તથા સાર્વજનિક પુસ્તકાલયો માટે મંજૂર થયેલ છે] કિંમત એક રૂપિયો પોસ્ટેજના બે આના.

(૨) **જીવન રસ** : લેઃ–સ્વાશ્રયી લેખક મંડળ; ૨૦ નવલિકાઓનો આ સંગ્રહ કલાત્મક બન્યો છે. અઢાર સિદ્ધહસ્ત નવલિકાકારોના સહકારે તૈયાર થયેલ આ સંગ્રહ સુવાચ્ય બન્યો છે. કિંમત સવા રૂપિયો. પો. બે આના. [વડોદરા રાજ્યમાં મંજૂર.]

૩) **યુગચિત્ર** : લેઃ–સ્વાશ્રયી લેખક મંડળ; પંદર જાણીતા લેખકોની વિવિધ કૃતિઓનો સંગ્રહ. જેમાં હાસ્ય, નિબંધ, પત્રકથા, નવલિકા અને ચારિત્ર્ય લેખન ઈત્યાદીની રસમય સામગ્રી ભરી છે. કિંમત એક રૂપિયો પો. દોઢ આનો.

(૪) **ઊર્મિ** : લે : સ્વાશ્રયી લેખક મંડળ; મહાગુજરાતના આગેવાન સિદ્ધહસ્ત કવિઓના સહકારે તૈયાર થયેલ આ સંગ્રહમાં કાવ્યો, ખંડકાવ્યો, દેશભકિતના ગીતો, બાલગીતો, કટાક્ષગીતો અને રાસગીતો એમ જુદાં જુદાં વિભાગોથી સમૃદ્ધ બનેલ આ ગ્રંથ કાવ્ય શોખીનો માટે સર્વોત્તમ છે, કિંમત સવા રૂપિયો પો. બે આના

(૫) **હિંદનું ફેડરલ રાજ્ય બંધારણ અને દેશી રાજ્યો** : લેખકઃ– શ્રી. હરકાન્ત બી. શુકલ બી. એ. એલએલ. બી. કિંમત ચાર રૂપિયા. પોસ્ટેજ આઠ આના. આ પુસ્તક માટે એક અભિપ્રાયનો ફકરોજ વાંચો ' ઘણું વિશદ અને સરળ છે. એ પુસ્તક વિષે જ્યારે **શ્રી. પોપટલાલ ચુડગરે** અમારા પર લખેલું કે 'અત્યાર સુધીમાં પ્રકટ થયેલ સમવાયતંત્ર ઉપરનાં સાહિત્યમાં આ પુસ્તક પ્રથમ પંકિતનું છે, અંગ્રેજીમાં લખાયું હોત તો આ વિષય પર અંગ્રેજીમાં લખાયેલ કોઇ પણ ઉત્તમ પુસ્તકની એ

બરોબરી કરી શકત' ત્યારે એ શબ્દો વાંચીને અમોને અતિશ્યોક્તિ લાગેલી પણ પુસ્તકના ડેમી સાઇઝના ૨૪૨ પાના વાંચતા અમને એ શબ્દોમાં સત્ય લાગ્યું છે.' "ફુલછાબ"

[વડોદરા રાજ્યના પુસ્તકાલયો માટે મંજૂર થયેલ છે]

(૬) **બાળકોની માવજત** : લેખકઃ–શ્રી. ડૉ. રઘુનાથ ગં. કદમ કિંમત બે રૂપિયા. પોસ્ટેજ ચાર આના. સગર્ભાવસ્થાથી માંડીને બાળક મોટું થાય ત્યાં સુધી તેના શારીરિક તેમજ માનસિક વિકાસને અંગે, અને સાથોસાથ માતાની તંદુરસ્તીને અંગે, ખ્યાલમાં રાખવા જેવી બધી અગત્યની બાબતોનો આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. એ વિષયના નિષ્ણાત અને પ્રેક્ટીશરને હાથે લખાયેલ આ પુસ્તક વડોદરા રાજ્યમાં મંજૂર થયેલ છે.

(૭) **સામાજિક ક્રાન્તિ** : લેખકઃ–શ્રી. બાવચંદ માવજી વડેરા; બી. એ. એલએલ. બી. કિંમત દોઢ રૂપિયો. પોસ્ટેજ ત્રણ આના. [વડોદરા રાજ્યની લાયબ્રેરીયો માટે મંજૂર] સમાજની રૂઢ બની ગયેલી અનેક માન્યતાઓ તથા વિચારોને માનસશાસ્ત્રની સર્ચલાઇટ નીચે લેખકે આ પુસ્તકમાં મૂકેલ છે. અને અનેક સાંસ્કૃતિક મૂલ્યાંકનોમાં આ યુગમાં આવી રહેલા પરિવર્તનનો આખો ક્રમ સમજાવ્યો છે. સાથોસાથ એક ખંડમાં નવી દૃષ્ટિએ લખાયેલી થોડી નવલિકાઓ પણ છે.

(૮) **લાઠી નવરાત્ર મહોત્સવ** : મહાગુજરાતના અનેક વિદ્વાનો, કવિઓ અને વિવેચકોના વ્યાખ્યાનોનો અદ્‌ભૂત સંગ્રહ શ્રી. લલીત, શ્રી. ધૈર્યચંદ્ર બુદ્ધ, શ્રી. રાયચુરા, શ્રી મહેતા, શ્રી. પં. ઓમકારનાથજી ઠક્કુર, શ્રી. માસ્તર વસંત, શ્રી. ત્રિભુવન વ્યાસ, શ્રી. હરભાઇ ત્રિવેદી, શ્રી. વેણીશંકર ભટ્ટ, શ્રી. તલકચંદ શેઠ, શ્રી. રતિકાન્ત નૃત્યકાર, શ્રી. હરજીવન કા. મહેતા, શ્રી. ન્હાનાલાલ બુદ્ધપ્રિય, શ્રી. મંજુલાલ મજમુદાર, શ્રી. મગેશરાય પાઠકજી શ્રી. સુન્દરમ્, શ્રી શાન્તાબહેન ભાલેરાવ, શ્રી. ડૉ. સુમંત મહેતા શ્રી. શારદા બહેન મહેતા, શ્રી. પાઠક દંપતી, શ્રી. ના. લાઠી

ઠાકોરસાહેબ, શ્રી. રામેશ્વરી નહેરૂ, શ્રી. રમણલાલ વ. દેશાઈ, શ્રી. સ્વ. પ્રભાશંકર પટ્ટણી, શ્રી. રવિશંકર મહાશંકર રાવળ, ઇત્યાદીએ આપેલ ભાષણોનો સંગ્રહ. આ ભાષણો મંચ પરથી જે શબ્દોમાં બોલાએલાં એ જ શબ્દોમાં ગુજરાતના પહેલા જ લઘુલિપિકાર શ્રી. હરિકૃષ્ણ વ્યાસે પોતાની શીઘ્રલિપિમાં ઝડપી લીધેલાં, તે આમાં આપ્યાં છે. કિંમત રૂપિયો દોઢ. પોસ્ટેજ બે આના.

(૯) **હૃદય જ્વાળા** : લેખકઃ—શ્રી. અંબાલાલ નૃ શાહ [ભાષા વિશારદ] સચિત્ર. વડોદરા રાજ્યમાં મંજૂર સામાજીક હૃદયગુંગોનો નવી દૃષ્ટિ આપતો મર્મજ્ઞ ખ્યાલ આ નવલકથામાં સભર ભર્યો છે. પ્રેમ ત્રિકોણનું થયેલ નિરુપણ તમોને વિચાર કરતાં કરી મુકશે. કિંમત રૂપિયો દોઢ પો. અઢી આના.

(૧૦) **કલંક શોભા** : લેખક :—શ્રી. અંબાલાલ નૃ શાહ. ઉપોદ્‌ઘાત લેખક : શ્રી જ્યોતિન્દ્ર હ. દવે M. A. વાસ્તવદર્શી નવલકથા વાર્તા સાહિત્યમાં નવો જ પ્રદેશ. રૂચિર વસ્તુવિધાન, નિર્દોષ પાત્રાલેખન, સરળશૈલી. વારાંગના જીવનનો પ્રદેશ નવી જ રીતે ઉઘડે છે એવી અનેક રંગોની મિલાવટ વાળી આ નવલકથા વાંચતા તમો કોઈ ફીલ્મ જોઇ રહ્યાં હોવ તેમ લાગશે.

(૧૧) **ગુજરાતમાં પ્રચલિત ૨૦૦૦ અંગ્રેજી શબ્દો** : સં. શ્રી. હરિકૃષ્ણ વ્યાસ : કિંમત નવ આના. પો. એક આનો. જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં પ્રસરી ગયેલા અંગ્રેજી શબ્દોનું સંશોધિત લિસ્ટ આ પુસ્તકમાં અર્થ સહિત આપેલ છે. જેઓને અંગ્રેજીનું કાંઇ જ જ્ઞાન ન હોય તેમના હાથમાં આ પુસ્તક આવતાં અંગ્રેજી સાથેની તેમની અપરિચિતતા દૂર થાય છે.

(૧૨) **મેવાડની મહત્તા** : લેખકઃ—શ્રી ધૈર્યચંદ્ર ર. બુદ્ધ વકીલ. પ્રેમશૌર્ય ભરપુર ઐતિહાસિક નવલિકાઓનો સંગ્રહ [સચિત્ર] કિંમત આઠ આના. પોસ્ટેજ એક આનો.

(૧૩) **તાતાંતીર** : લેખક :—શ્રી. ધૈર્યચંદ્ર ર. બુદ્ધ. કિંમત ચાર આના. પો. એક આનો. એક જ અભિપ્રાય વાંચો. માનવ

જીવનમાં હરઘડીએ નજરે પડતાં વિવિધ પ્રસંગોને લેખકે સફળતા પૂર્વક વાર્તાના સ્વરૂપમાં રજૂ કર્યા છે. 'નવયુગ'

(૧૪) **ગુંજન** : લેઃ–શ્રી. ધૈર્યચંદ્ર ર. બુદ્ધ. પ્રસ્તાવના કવિશ્રી લલિતજી. કિંમત ચાર આના. વડોદરા રાજ્યમાં મંજૂર વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટ એજન્સીના મે. રેસીડેન્ટ સાહેબે ઇનામ તથા લાયબ્રેરી માટે મંજૂર કરેલ છે. બાળકોને આનંદ કરાવે તેવા મધઝરતાં પચાસ બાલગીતોનો આ સંગ્રહ તુરત જ મંગાવી લ્યો.

(૧૫) **સંતતિ નિયમન** : લે. શ્રી. ડો. રઘુનાથરાવ કદમ. કિંમત ત્રણ આના. પોસ્ટેજ અર્ધો આનો. સંતતિનિયમન ઉપરનાં અનેક પુસ્તકોનું વાચન તમે કરો, અને પછી એમાંથી સાર તારવીને ટૂંકી નોંધ ઉતારી લો. એવું આ પુસ્તક.

(૧૬) **ખંડેરનો ઝરૂખો** : લે. શ્રી. ભગીરથ મહેતા. કિં. ત્રણ આના. ભાવના ભર્યા કલાત્મક કાવ્યોનો ન્હાનકડો સંગ્રહ.

(૧૭) **શરદ પૂર્ણિમા** : લે. ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ. પ્રસ્તાવના શ્રી. હરકાન્ત શુકલ. બી. એ. એલ.એલ. બી. કિંમત ત્રણ આના. એના માટે મહાગુજરાતના મહાકવિ શ્રી. ન્હાનાલાલ દ. કવિ કહે છે. 'ભાઈ શ્રી ધૈર્યચન્દ્ર બુદ્ધનાં ગીતો અહીં આવ્યા પૂર્વે પણ સાંભળ્યા હતા અને અહીં આવીને પણ વાંચ્યા. એમનાં ઘણાં ગીતોમાં કુમાશ છે, ભાવની તેમજ ભાષાની એમની આશાઓને સફળતા ઇચ્છું છું. (લાઠી તા· ૧૪–૨–૧૯૩૮)

(૧૮) **રસજ્યોત** : લે. ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ. કિંમત એક આનો. હૃદયને ઝણઝણાવે એવા તલસ્પર્શી કાવ્યોનો સંગ્રહ. [લ્હાણી માટે સો પ્રતના ફક્ત પાંચ રૂપિયા.]

(૧૯) **પૈસામાં પ્રૌઢ શિક્ષણ** : લે. શ્રી. હરિકૃષ્ણ વ્યાસ. પ્રૌઢોને અક્ષર જ્ઞાન આપવા માટે સર્વોતમ. ૧૦૦ પુસ્તકોની કિં. રૂા. ૨) રેલ્વેનૂર સહીત ઘેર બેઠા મળી જશે. તુરત લખો :—

ગુર્જર સાહિત્ય ભંડાર : લાઠી (કાઠિયાવાડ)

કલાપી સ્મારક ગ્રંથ

સ્વ.ના સ્નેહીમિત્રો, ગુજરાતના સમર્થ સાક્ષરો, સિદ્ધહસ્ત કવિઓ અને વિદ્વાન વિવેચકોએ તેમાં સાથ આપ્યો છે. કલાપીજીની કંઠસ્થ કાવ્યપંક્તિઓ, પત્રધારાના ચિંતનપુષ્પો અને જીવન અને કવનને લગતી તલસ્પર્શિ ચર્ચાઓથી આ ગ્રંથ સમૃદ્ધ બન્યો છે. કલાની દ્રષ્ટિએ પણ સભર બનાવવાના પ્રયાસો શરૂ કરવામાં આવેલ છે. "ગૃહપુસ્તકાલય ગ્રંથમાળા"ના આવતાં વર્ષનું અદ્દભૂત આકર્ષણ બનાવવા અને ગ્રંથમાળાના ગ્રાહકોને આ પુસ્તકનો અલભ્ય લાભ મળે એવી વિશાળ યોજના વિચારાય રહી છે. ગ્રંથના જીજ્ઞાસુઓએ પોતાનું નામ સરનામું મોકલી આપવું જેથી આ ગ્રંથની પ્રસિદ્ધની જાણ તેમને થઇ શકે.

— : લખો : —

ગુ ર્જ ર સા હિ ત્ય ભં ડા ર

લાઠી [કાઠિયાવાડ]